## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ, રાવણ હતો ત્યારે આપણે થયું હતું... એવું ફરીથી થતું હોય તેમ લાગે છે...



**વર્લ્ડ ઓટિઝ્મ દિવસની ઉજવણી** - સ્પંદન પેડીયાટ્રીક રીહેબિલીટેશન સેન્ટર દ્વારા સેક્ટર-૧૨ના લોન ગાર્ડનમાં ઓટિઝમ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો માટે સંગીત, ડાન્સ, હેન્ડ પ્રિન્ટિંગ, બબલ બ્લો તથા પોટરી વર્કશોપ વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. પોટરી વર્કશોપ આકર્ષણનું કેન્દ્ર હતુ. જેમાં બાળકોને માટીના વાસણો બનાવતા શીખવાડ્યાં હતા. કાર્યક્રમનો હેતુ અટિઝમ પીડિત બાળકો વિશે જાગૃતિ લાવવાનો હતો. જેમાં ૬૦-૭૦ જેટલા બાળકો અને માતા-પિતાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## કોલવડા પ્રાથમિક વિદ્યામંદિરમાં વિદાય સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૩

બાશ્રી ચંચળબા પ્રતાપસિંહ પ્રાથમિક વિદ્યામંદિર કોલવડા ખાતે તા. ૩૧-૩-૨૦૨૩ના રોજ ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો જેમાં શાળાના આચાર્ય નિરૂબેનના માર્ગદર્શન હેઠળ બાળકોએ સુંદર ડાન્સ રજુ કર્યો. વર્ગ શિક્ષક હરપાલસિંહ વાઘેલાએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એકતાબેન વાઘેલાએ કરી આભારવિધિ કરવામાં આવી.

## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તાત્કાલિક સારવાર કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૩

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તાત્કાલિક સારવાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમારી જ સંસ્થાના નર્સિંગ કોલેજના ફેકલ્ટી આવ્યા હતા અને તેમને First Aid વિશેની ખુબજ સરસ માહિતી આપી હતી તે અમારા શિક્ષકોને ખૂબ જ ઉપયોગી થઈ હતી.

## બનાસકાંઠા મિત્રમંડળ ગાંધીનગરની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા. ૩

રવિવારે સાંજે સેન્ટર વિસ્ટા ગાર્ડન ખાતે બનાસકાંઠા મિત્રમંડળ ગાંધીનગરની એક બેઠક મળી. જેમાં ૨૫ જેટલા ગાંધીનગરમાં સ્થાઈ થયેલ બનાસ વતની મિત્રો મળ્યા હતા. આ બેઠકમાં સૌ પ્રથમ વતનના મિત્રોએ એક બીજાનો પરિચય મેળવ્યો હતો.

બનાસકાંઠા મિત્ર મંડળ ગાંધીનગરનો સક્રિય કરવા ગાંધીનગરમાં રહેતા બનાસના વતનીઓની માહિતી ભેગી કરવી જેમાં અલગ અલગ કાર્યક્ષેત્રમાં કામ કરતા મિત્રોએ પોતાના વિભાગ અને એરિયાની જવાબદારી લઈ લીધી હતી. બનાસકાંઠા મિત્ર મંડળનું એક સ્નેહમિલન કરવા માટે પણ વિચારણા કરી હતી.

બીકે મિત્ર મંડળ ગાંધીનગરના વોટ્સપ ગ્રુપમાં વધુમાં વધુ બનાસ વતની કે જે ગાંધીનગરમાં સ્થાઈ થયા છે તેમને જોડવા અપીલ કરવામાં આવી હતી. અંતે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ચૌધરી મહિલા કોલેજ દ્વારા 'સેવ એનર્જી' થીમ પર રેલી યોજાઈ




ગાંધીનગર, તા. ૩

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ અંતર્ગત કાર્યરત યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પર્યાવરણની જાગૃતિ કેળવાય તથા ઉચ્ચકક્ષાએ અભ્યાસ કરતા ગુજરાતના ભાવિ નાગરિકોમાં પર્યાવરણની જાળવણી અંગેની જાગૃતિનો પ્રચાર-પ્રસાર થાય અને તેમનામાં 'એનર્જી સેવિંગ'ની ભાવના કેળવાય તે હેતુથી તા. ૨-૪-૨૦૨૩ના રોજ 'સેવિંગ ઓફ એનર્જી'ના થીમ ઉપર સાયકલ રેલીનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. ચૌધરીના માર્ગદર્શનથી કરવામાં આવ્યુ હતુ.

આ રેલીમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના એન.એસ.એસ.ના પોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી અને શારીરિક શિક્ષણના અધ્યાપક વિનોદભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# દિકરી થતા સાસરીવાળાઓએ મ્હેણા-ટોણા મારી પરિણિતાને કાઢી મુકી

### મકાન ખરીદી માટે સસરાએ રૂપીયા ન આવતા જમાઈએ મોંઢા પર મુક્કા માર્યા, પરિણિતાએ પતિ સહિત સાસુ-સસરા સામે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની યુવતિએ દિકરીને જન્મ આપતા પતિ સહિત સાસુ-સસરાએ મ્હેણા-ટોણા મારી શારીરીક માનસિક ત્રાસ આપતા હતા. જયારે પતિ નોકરીનો પગારનો હિસાબ માંગી યુવતિ સાથે મારઝુડ કરતો હતો. ગાંધીનગરમાં મકાન ખરીદી માટે પૈસા ન આપતા જમાઈએ ઘરે આવીને ધમાલ મચાવી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવતિએ આખરે પતિ સહિત સાસુ-સસરા સામે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ શહેરની સેકટર-૩ ખાતે રહેતી યુવતિના લગ્ન સમાજના રીત-રિવાજ મુજબ સાબરકાંઠના ઈડરના ગામડામાં રહેતા યુવક સાથે થયા હતા. જયારે યુવતિ શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. જયારે યુવક-યુવતિના ગોળ-પરગણા અલગ છે. જયારે યુવતિને લગ્નના ૬ મહિના સાસરીમાં રાજીખુશી પસાર થયા હતા. ત્યારબાદ યુવતિને ઘરવખરીના સામાન મુદ્દે મ્હેણાટોણા મારી પતિ સહિત સાસુ-સસરાએ માનસિક ત્રાસ આપવાનું શરુ કર્યુ હતું. જેથી યુવતિના પિતાએ ઘરવખરીનો સામાન લઈ આપ્યો હતો. જયારે પતિ યુવતિના નોકરીને દશ વર્ષ પુરા થતા પૈસાનો હિસાબ માંગી મારઝુડ કરતો હતો. જયારે દિકરીના જીયાણા પ્રસંગે પણ પહેરામણી અને દાગીના માંગી હેરાન પરેશાન કરતા હતા. જયારે દિકરીના જન્મ બાદ ત્રણેય જણા યુવતિને માનસિક ત્રાસ આપતા હતા. ઘર ખરીદી કરવા માટે તેણીના પિતાજી પાસે પૈસાની માંગણી કરતા ના પાડતા પરિણિતાને ઘરમાંથી કાઢી મુકી હતી. ત્યારબાદ પિયર રહેતી પરિણિતા ઘર સંસાર બગડે નહી તે માટે પતિ આવતા સમાધાન કરીને સાથે લઈ ગયા હતા. તેમ છતા સાસરીયાઓ દહેજની માંગ કરી હેરાન કરતા હતા. ત્યારબાદ સેકટર-૩ ખાતે તેને તેડવા માટે આવ્યો છુ દરવાજો ખોલ તેમ કહી દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી પરિણિતાને માર માર્યો હતો અને દિકરીને પણ નીચે પછાડી હતી. તે ઉપરાંત યુવતિના પિતા બચાવવા માટે વચ્ચે પડતા જમાઈએ સસરાને પણ મોંઢા પર મુક્કા માર્યા હતા. આખરે પરિણિતાએ પતિ સહિત સાસુ-સસરા સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વાવોલની હરિનગર સોસાયટીએ હેપ્પી ચકલીઘરનું વિતરણ યોજ્યું



ગાંધીનગર, તા.૦૩

શહેરની સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને હેપ્પી સ્પેરો વિક - ૨૦૨૩ ઉજવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત આજે ગાંધીનગરના વાવોલ ખાતે હરિનગર સોસાયટીમાં સોસાયટીના પ્રમુખ અને કારોબારી સમિતિ દ્વારા હેપ્પી ચકલી ઘર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે હરિનગર સોસાયટીના પ્રમુખ અને વોર્ડ નં.૭ના ભાજપ ઉપપ્રમુખ કચરાજી ગોલે ઉપસ્થિત રહી વિતરણ કાર્યમાં સેવા આપી હતી. આ સાથે હરિનગર સોસાયટીના હોદ્દેદારો ડો.મંડલી, પવારભાઇ, નિરંજન શાહ, મંગાજી ઠાકોર ઉપરાંત વોર્ડ નં.૭ના ભાજપ સહ ઉપપ્રમુખ હસમુખ પ્રજાપતિ પણ આ કાર્યમાં જોડાયાં હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતીઓએ ભાગ લઈને હેપ્પી ચકલી ઘર મેળવ્યાં હતા.

## ખૂણેખાંચરેથી

● નવમીએ યોજાનાર કલાર્ક સંવર્ગની પરીક્ષાને લઈ યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં કલેકટર, ડી.ડી.ઓ. સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● નવમીની સ્પર્ધાત્મક પરીક્ષાને લઈ રૂટ સુપરવાઈઝર તેમજ કેન્દ્ર સંચાલકોને સે. ૧૫ સ્થિત કોલેજમાં તાલિમ આપવામાં આવી હતી.

● એસ.બી.આઈ.નું સર્વર આજે ડાઉન હોવાથી સવારે બેંકના ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં આકરી ગરમીને લઈ ટ્રાફિક ધીમો પડેલો જણાયો હતો.

● ગાંધીનગર જિ.પં.માં આજે ચૂંટાયેલી પાંખના સભ્યોની અવર-જવર જોવા મળી હતી.

● મહાવીર જયંતિની ઉજવણીને આખરી ઓપ આપવામાં આજે જૈન શ્રેષ્ઠીઓ વ્યસ્ત જણાયા હતા.

● જિલ્લા કલેકટર કચેરીમાં પાંચ નાયબ મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

● માણસા પાસેથી પોલીસે વરલી મટકાનો જુગાર રમતા બે ઈસમોને પકડી પાડ્યા છે.

● દહેગામના ધારીસણામાં મળેલી ખંડિત પ્રતિમાઓને દરિયામાં વિસર્જીત કરાઈ.

● કલોલના યુવક પર સામાન્ય બાબતે ચાર શખ્સોનો હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.

● તેરસાપરા ચોકડી નજીક ગાડીચાલકે રિક્ષાને ટક્કર મારતા રિક્ષા પલ્ટી ખાઈ જતાં રિક્ષામાં સવાર દંપત્તિ ઈજાગ્રસ્ત થયુ.

● ગાંધીનગર શહેર જિલ્લામાં ઓમિક્રોનનો સબવેરિઅન્ટ હોવાથી તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

● કોબા કમલમ્ ખાતે આજે ભાજપ પ્રદેશ યુવા મોરચાની બેઠક યોજાશે.

● મનપામાં નાયબ મ્યુનિ. કમિશનર ગુણવંતસિંહ સોલંકીની બદલી થતાં તેમણે આજે નાયબ મ્યુનિ. કમિશનર તરીકેનો ચાર્જ છોડી દીધો છે. તેઓ બુધવારે નવી જગ્યા પર હાજર થશે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં મોબાઈલ ચોરીની ઘટનાઓ વધી રહી હોવાથી ભયનો માહોલ લોકોમાં જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગરના મેદરા ગામે બહુચરાજી જતા પદયાત્રીઓના સંઘને પૂર્વ સરપંચ બાબુજી સોલંકીએ ભોજન પ્રસાદ કરાવ્યો હતો અને રાસ-ગરબાનું આયોજન કર્યુ હતુ જેમાં જિલ્લાના આગેવાનોએ હાજરી આપી હતી.

● રાંદેસણમાં વિશ્વ કલ્યાણ અર્થે મહાયજ્ઞનું આયોજન કરાયુ હતુ.

● કડવા પાટીદાર સમાજ ઉમિયા માતાજી સે. ૧૨ ગાંધીનગર દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરાયુ હતુ.

● ઈટાદરા પગાર કેન્દ્ર નં. ૧ શાળાનો જન્મ દિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

## ભાટ મધર ડેરી નજીક રાત્રે અજાણી કારની અડફેટે રાહદારીનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના ભાટ મધર ડેરી પાસે રાત્રીના સાડા અગીયાર વાગ્યાના સુમારે અજાણી કારની અડફેટે રાહદારીને ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યું નિપજયું છે. બનાવ અંગે અડાલજ પોલીલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ ગામે રામવાળા વાસ ખાતે રહેતા વિશાલકુમાર ઠાકોર પરિવાર સાથે રહીને ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગઈકાલ રાત્રીના સમયે વિશાલ ઠાકોર ઘરેથી આંટો મારવા માટે કોટેશ્વર ચોકડી થી થઈ મધરડેરી તરફ ચાલતા જઈ રહ્યો હતો. ત્યારે મધર ડેરી પાસે ફુટપાથ પર ચાલતો ઘર તરફ જઈ રહ્યો હતો તે સમયે રાત્રીના સાડા અગીયાર વાગે રોડ પર નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ત્યાં જઈને જોતા અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી રાહદારીને અડફેટે લઈ કાર ચાલક નાસી ગયો હતો. જયારે રાહદારીને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે ૧૦૮ આવતા ગંભીર ઈજાગ્રસ્ત વ્યકતિ પોતાનું નામ રમેશ રાવ હોવાનું જણાવ્યું હતું. જયારે તે વ્યકિત પોતાનું પુરુ નામ તેમજ સરનામુ બોલી શક્યા ન હતા. જયારે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે સારવાર દરમિયાન રાહદારીનું મૃત્યુ નિપજયું હતું. પોલીસે મૃતદેહનું પીએમ કરાવી આગળની તપાસ હાથ ધરી છે.

## ડભોડા ઉમિયા માતાના મંદિર માટે તમામ પાટીદારોએ વિવિધ કાર્યો માટે ભવ્ય ઉછામણીનો કાર્યકમ યોજાયો




ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામમાં ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજમાં શ્રી ઉમિયા માતાના નવનિર્માણ ઉમિયા માતાના મંદિર માટે મહાયજ્ઞ મહા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના વિવિધ કાર્યો માટે ડભોડા ગામના તમામ પાટીદારો એ ભવ્ય ઉછામણી નો પ્રોગ્રામ કર્યો જેમાં નિરવભાઈ જગજીવનભાઈ પટેલ ના પરિવાર તરફથી ખૂબ જ મોટી માતબર રકમ મા ઉમિયા ના મંદિરમાં વિવિધ કાર્યો માટે અર્પણ કરવામાં આવી.

સાથે સાથે ગામના તમામ પાટીદારોએ ઉત્સાહપૂર્વક આ ઉછામણીમાં ભાગ લીધો અને ૬૫ જાતની ઉછામણીમાં માત્ર ૩૨ ઉછામણી મા રૂ. ૨૩૭૦૦૦૦૦ જેવી માતબર રકમ ડભોડા ના પાટીદારો વતી એકઠી કરી અને બાકી રહી ગયેલ ૩૩ ઉછામણી નવી તારીખે નવા સમયે નવા પ્રસંગમાં આ બાકી રહી ગયેલ ઉછામણી પૂર્ણ કરવામાં આવશે.

## મનપા દ્વારા અપાતી સેવાઓના ફોર્મ, સોગંદનામા, એકરારનામા લોકોને વિનામૂલ્યે પૂરા પાડો

### સ્થાયી સમિતિના ચેરમેને કમિશનરને પત્ર લખ્યો : એક જ મહિનામાં ચેરમેને કમિશનરને ત્રીજો પત્ર પાઠવ્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે આજે વધુ એક પત્ર કમિશનરે પાઠવી મનપા દ્વારા આપવામાં આવતી તમામ પ્રકારની સેવાઓના તમામ પ્રકારના ફોર્મ, એકરાર નામા, સોગંદનામાના નિયત નમૂના નગરજનોને વિનામૂલ્યે આપવામાં આવે તેમ જણાવ્યુ છે.

પટેલે તેમના પત્રમાં જણાવ્યુ છે કે મનપા દ્વારા સોગંદનામા, એકરારનામામાં જરૂરી અરજીના ફોર્મ પૂરા પાડવામાં ન આવતા હોવાના કારણે અરજદારોને કચેરીના ધક્કા ખાવા ઉપરાંત ઝેરોક્ષ કઢાવવા માટે ધક્કા ખાવા પડે છે અને નાગરિકોના સમય-શક્તિ અને નાણાંનો બિન જરૂરી ખર્ચ થાય છે. એટલુ જ નહિ મનપાની છબી પણ આને લીધે ખરડાય છે. આથી આ વસ્તુઓ વિનામૂલ્યે ફાળવવામાં આવે તેમજ સોગંદનામા અને એકરારનામાના નમૂના પણ છપાવી તેને પુરા પાડવા જણાવ્યુ છે.

પટેલે તેમના પત્રમાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર જ્યાં જરૂરિયાત માત્ર હોય ત્યાં જ નોટરી કરાવવાનો આગ્રહ રાખવા તેમજ જ્યાં સુધી સેલ્ફ એટેસ્ટેટેડ કોપી ચાલે તેમ હોય ત્યાં સુધી તે જ ચલાવવા પણ શાખાઓમાં સૂચના આપવા કહ્યુ છે.

મનપા દ્વારા રંગમંચની ફાળવણી, ટેક્સની કામગીરી, પાર્ટીપ્લોટની ફાળવણી સહિત ઘણી બધી કામગીરી સંભાળવામાં આવી રહી છે. આ માટે વારંવાર લોકોને ધક્કા ખાવા પડતા હોય છે.

મનપા સ્થાયી સમિતિના ચેરમેને એક જ માસમાં ત્રણ અલગ અલગ પત્રો કમિશનરને પાઠવ્યા છે જે નોંધનીય છે.

## સચિવાલય બ્લોક નં-૨ ના પાર્કિંગ પાસે કારની ટક્કરે બાઈક ચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૩

શહેરના નવા સચિવાલય બ્લોક નં.૨ ના પાર્કિંગમાં બાઈક પાર્ક કરવા જતા સમયે અજાણી કારના ચાલકે ટક્કર મારતા નીચે પટકાતા ડાબા પગે સાથળના ભાગે અને ડાબા હાથે શરીરે ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ગાંધીનગરના પીપળજ ગામના અને હાલ સેકટર-૫ એ પ્લોટ નં.૪૮૭-૧ ખાતે રહેતા અનિલ ઈશ્વરભાઈ રાવળ (ઉં.૩૨) પરિવાર સાથે રહે છે અને સે-૧૬ હાવી ડીઝાઈન કંપનીમાં પ્રોજેકટ એન્જીનિયર તરીકે છેલ્લા ૧૦વર્ષથી નોકરી કરે છે. યુવક પાસે પેશન બાઈક નં.જી.જે.૧૮.સી.એન.-૭૬૩૭ છે. નોકરી આવવા જવા માટે બાઈકનો ઉપયોગ કરતા હતા. યુવક બાઈક લઈને સચિવાલય કંપનીના કામઅર્થે ગયો હતો.જયારે બાઈક બ્લોક નં.૨ ના પાર્કિંગમાં પાર્ક કરવા જઈ રહ્યો હતો તે સમયે એક ગાડીના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. યુવક બાઈક પરથી નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી.જયારે યુવકને ડાબા હાથે અને પગે તેમજ સાથળના ભાગે ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં યુવકને સારવાર માટે લઈ ગયા હતા.જયાં ડાબા પગે સાથળના ભાગે અને ડાબા હાથના ખભા પાસે ફ્રેકચરનું નિદાન થયું હતું. જયારે યુવકે ગાડીનો નંબર જોતા જી.જે.૦૨.એકસ.એકસ.-૭૮૮૭ હતો. યુવકે કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરના એસટી ડેપોમાં મોબાઈલ ચોરી કયારે અટકશે

ગાંધીનગર, તા.૩

શહેરના એસટી ડેપોમાં બસમાં બેસવા જતા મુસાફરના ખીસ્સામાંથી મોબાઈલ ની ચોરી થવા પામી છે. એસટી ડેપોમાં આંતરે દિવસે મોબાઈલ ચોરીની ઘટના સામે આવે છે. ત્યારે પ્લેટફોર્મ નં-૫ પરથી સરખેજની બસમાં બેસવા જતા સમયે આઈફોન-૧૧ ની ચોરી થવા પામી હતી.યુવકે રૂ.૪૪ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ મહેસાણા ખાતે રહેતો યુવક ભાવેશ ભરતકુમાર પંચાલ અમદાવાદ પાલડી ખાતે આઈઆરએ પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. ત્યારે ગત તા.૨૯ માર્ચના રોજ મહેસાણાથી નીકળી યુવક ગાંધીનગર એસટી ડેપો ખાતે આવ્યો હતો. ત્યારબાદ નોકરીના કામે ઈન્ફોસીટી ગયો હતો. જયારે અડાલજ જવાનું હોવાથી બપોરે ત્રણ વાગે ગાંધીનગર થી સરખેજ જતી બસમાં બેસવા માટે જઈ રહ્યો હતો.તે સમયે ભીડભાડ અને ધક્કામુકી થઈ હતી. તે સમયે ફોન પેંન્ટના ખીસ્સામાં હતો. પરંતુ ત્યારબાદ ખીસ્સામાં ચેક કરતા મોબાઈલ જણાયો ન હતો. જેથી યુવકે બસમાં ફોનની તપાસ કરવા છતા મળી આવ્યો ન હતો. આખરે યુવકે રૂ.૪૪ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે શહેરના એસટી ડેપોમાંથી છેલ્લા કેટલાક મહિનાઓથી મોબાઈલ ચોરી અને રૂપીયાની ચોરીના કિસ્સા વધુ માત્રામાં સામે આવી રહ્યા છે.તેમ છતા ચોર ટોળકીને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પોલીસના હાથ ચોર ટોળકીના કોલર સુધી કયારે પહોચશે તે જોવુ રહ્યું..



**ગજાનન સેવા સમિતિ દ્વારા બે નિશાળોમાં બાળકોને નાસ્તાનું વિતરણ**

રામનવમીના પવિત્ર દિવસે શામળાજી વિસ્તારની ભેટાલી ગામમાં આવેલ બે આશ્રમ શાળાના તમામ બાળકોને નાસ્તો કરાવ્યો હતો. બન્ને આશ્રમ શાળામાં કુલ ૧૦૫ બાળકો હતા. નાસ્તો રાધે તથા બજરંગ કિરાણા તરફથી હતો. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આ કાર્ય કરવામાં આવ્યુ હતુ.